# વિરોધપક્ષના નેતાશ્રીનું કાર્યાલય

## ગુજરાત વિધાનસભા, ગાંધીનગર.

**અખબારી યાદી** **તા.૨૩-૧૧-૨૦૦૯**

- **સચિવાલય અને પોલીસના તમામ અધિકારીઓને ત્રણ દિવસ સુધી ગુણોત્સવના નામે ગામડાંઓમાં રઝળાવવાનો અને વહીવટને ટલ્લે ચડાવવાનો મુખ્યમંત્રીશ્રીનો તઘલખી નિર્ણય.**
- **જેમને શિક્ષણ કેમ આપવું તેની ટ્રેનીંગ છે. તેવા શિક્ષકોને અપમાનીત કરવાનો સરકારનો નિર્ણય.**
- **ગુણોત્સવના કારણે સચિવાલય અને પોલીસ ખાતાના વહીવટીને ત્રણ દિવસ સુધી તાળુ.**
- **અધિકારીઓના પ્રવાસ, ભથ્થા, પગાર પાછળ ત્રણ દિવસમાં કરોડો રુપિયાનો ધુમાડો.**
- **મુખ્યમંત્રીશ્રી કરવાના કામ કરે અને તરંગી તરકટો બંધ કરે.**

રાજય સરકારે જે ખરો વહીવટી કરવાનો છે તે વહીવટ કરવાના બદલે નાટકીય તરકટો કરવાનું બંધ કરે. તાજેતરમાં ગુણોત્સવની ઉજવણીના નામે સરકારના તમામ અધિકારીશ્રીઓને ત્રણ દિવસ સુધી જુદા જુદા જિલ્લાઓ અને તાલુકાઓમાં મોકલવાનો નિર્ણય જે મુખ્યમંત્રીશ્રીનો તઘલખી નિર્ણય છે. શિક્ષણ કેમ અને કેવી રીતે આપવું તેના માટે શિક્ષકોને ખાસ ટ્રેનીંગ  આપવામાં આવતી હોય છે. આવા શિક્ષકોના શિક્ષણને જાણે કે અપમાનીત કરવાનો હોય તે રીતે શાળાઓમાં સચિવાલય કક્ષાએથી અધિકારીઓને દોડાવવાના અને જે અધિકારીઓએ રોજીંદુ કામ કરવાનું છે તે કામ રામ ભરોસે છોડી દેવાનું  વહીવટ માટે હિતાવહ નથી.ત્રણ દિવસમાં સચિવાલયના કે ઉચ્ચ અધિકારીઓના પગલા પડવાથી શિક્ષણમાં ગુણવત્તા વધી જશે તેમ માનવું તે મૂર્ખામીભર્યુ છે. પોલીસ અધિકારીઓ અને સચિવાલયના અધિકારીઓ તેમનું કામ છોડીને ગુણોત્સવમાં  જતાં રહેવાથી સમગ્ર રાજયના વહીવટ ઉપર અવળી અસર પડશે. એક અધિકારી એક જિલ્લામાં ત્રણ દિવસ સુધી જે પ્રવાસ કરશે તે પ્રવાસ ખરા અર્થમાં શિક્ષણની ગુણવત્તા વધારવા માટે કાંઇ કામનો રહેવાનો  નથી. પરંતુ આવા સરકારના તઘલખી નિર્ણયના કારણે એક અધિકારી પાછળ પ્રવાસ ભથ્થા અને પગારનો ખર્ચ જોઈએ તો રુપિયા ૫૦,૦૦૦/- કરતાં વધારે નાણાંનો વ્યય થશે. સમગ્ર સચિવાલય અને પોલીસ તંત્રના અધિકારીઓને બિન જરુરી રઝળાવવાથી પ્રજાની તિજોરીના કરોડો રુપિયા ધૂળમાં જશે અને વહીવટી તંત્ર પર અવળી અસર ઉભી થશે. વિરોધપક્ષના નેતાશ્રી શક્તિસિંહ ગોહિલે મુખ્યમંત્રીશ્રીને ગુજરાતમાં જે કરવાના કામો છે તે કરવા અને તરંગી નિર્ણયોથી દૂર રહેવા ગુજરાતના હિતમાં અનુરોધ કરેલો છે.

---

પ્રતિ,
તંત્રીશ્રી,

સદરહુ પ્રેસનોટ આપના અખબારમાં પ્રસિદ્ધ કરવા માન. વિરોધપક્ષના નેતાશ્રીએ વિનંતી કરેલ છે.

(જે. જે. રસાણીઆ)
અંગત મદદનીશ